જિલ્લામાં ૨૦૧૫માં સ્વાઈન ફ્લુના ૨૩૬ કેસ નોંધાયા હતા

ગાંધીનગર સમાચાર

# ગુડાનુ ૧૯૭ કરોડનુ વિકાસલક્ષી બજેટ માળખાગત સુવિધાના કામોને અગ્રતા

## આવાસ યોજના માટે ૫૦ કરોડ, માર્ગ નિર્માણ માટે ૩૨.૫૦ કરોડ, જયારે પાણી ગટર માટે ૫૩ કરોડના ખર્ચ – ગુડા વિસ્તારને રમણીય અને હરિયાળો બનાવવા ૬ કરોડ ખર્ચાશે

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની ૫૫ મી બોર્ડ બેઠકમાં વર્ષ ૨૦૧૬-૧૭ માટે રૂ ૧૯૭ કરોડના બજેટને મંજુરી આપવામાં આવી હતી. વિકાસલક્ષી બજેટમાં માળખાગત સુવિધાના કામો ઝડપથી પુર્ણ થાય તે ઉપરાંત આવાસ તેમજ આઈ ટી ના કામોને પણ અગ્રતા આપવામાં આવી છે. ગુડા વિસ્તારમાં પર્યાવરણપ્રેમીઓને ધ્યાને લઈ ગ્રીન સિટીના કનસેપ્ટને વેગ આપવા માટે રૂ ૬ કરોડના ખર્ચે બગીચા તેમજ તળાવોનુ પણ નિર્માણ કરવામાં આવશે. બજેટમાં પાણી ગટર તેમજ રસ્તાના કામો માટે પણ કરોડો રૂપિયાના ખર્ચનુ આયોજન કરવામાં આવ્યુ છે.

શહેરી વિકાસ સત્તા મંડળની ૫૫ મી બોર્ડ બેઠક આજે મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૬-૧૭ માટે ગુડા વિસ્તારમાં વિવિધ વિકાસ કામો

● અનુસંધાન પાન-૭ પર

### સરકારના વિકાસલક્ષી અભિગમને ધ્યાને લઈ કામોનુ આયોજન : આશિષ દવે

ગુડાના બજેટને વિકાસલક્ષી લેખાવતા ગુડાના ચેરમેન આશિષ દવેએ જણાંવ્યુ હતુ કે બજેટમાં માળખાગત સુવિધાના કામોને અગ્રતા આપવામાં આવી છે. પાણી ,ગટર તેમજ રસ્તાના કામો ઝડપભેર પુર્ણ થાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ગુડા વિસ્તારમાં પણ ગ્રીન સીટીનો અભિગમ જળવાઈ રહે તે માટે પર્યાવરણ બચાવોના કનસેપ્ટને વેગ આપવા હરિયાળા ઉધાનો અને તળાવોનુ નિર્માણ કરવામાં આવશે. જયારે વહીવટ ક્ષેત્રે પણ અધ્યતન ટેકનોલોજીનો ઉપયોગ થાય તે મુજબનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ગુડા વિસ્તારમાં આગામી દિવસોમાં નર્મદાનુ પાણી આપવામાં આવશે.જયારે બજેટમાં સરકારના વિકાસલક્ષી વિઝનને વિશેષ ધ્યાને રાખી કામોનુ આયોજન કરવામાં આવ્યુ છે.



ઓપન એર થીયેટર કે ફુટબોલ ગ્રાઉન્ડ - શહેરના હાર્દ સમા ઘ-૫ વિસ્તારમાં નવનિર્મિત ઓપન એર થિયેટર દરરોજ ફૂટબોલ ગ્રાઉન્ડ બની જાય છે... ઓપન એર થિયેટરની હરિયાળીને થતાં નુકસાનને બચાવવા શહેરની મધ્યમાં ફુટબોલ ગ્રાઉન્ડ તાકિદે તૈયાર થાય તેવી ફુટબોલ ખેલાડીઓની માંગણી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# પાણી-ગટર વેરાની વસુલાતમાં હજુ બે દિવસ વળતર અપાશે

## બીલ ન મળ્યુ હોય તેવા કીસ્સામાં ગત બીલના આધારે પણ વેરો ચુકવી શકાશે

ગાંધીનગર તા ૨૮

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે ત્રણ વાર બીલોની વહેંચણી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૬-૧૭ના એડવાન્સ વસુલાત માટે હાથ ધરાયલી કાર્યવાહી માટે હજુ પણ બે દિવસ વળતરનો લાભ લેવા તંત્ર માટે અપીલ કરવામાં આવી છે. જયારે બીલ ન મળ્યા હોય તેવા કીસ્સામાં ગત વર્ષના બીલના આધારે વેરાની વસુલાત કરવામાં આવશે.

શહેરમાં પાણી ગટર વેરાના અંદાજિત ૨૬ હજાર જેટલા જોડાણકર્તાઓ પાસેથી એડવાન્સ વેરો વસુલવા માટે તંત્ર દ્વારા ગત તા ૧ માર્ચથી વેરા વસુલાત ઝંબેશ હાથ ધરવામાં આવી છે. દરવર્ષે માર્ચ મહીનામાં તંત્ર દ્વારા જોડાણકર્તાઓ પાસેથી એડવાન્સ વસુલાત માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે આ અન્વયે જોડાણકર્તાઓને વિશેષ વળતરનો લાભ પણ આપવામાં આવે છે. જયારે બીલની વસુલાત માટે દરવર્ષે એજન્સી મારફતે બીલની વહેંચણી કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે ત્રણવાર બીલની વહેંચણીના અંતે પણ ઘણાં કીસ્સામાં રહીશોને બીલ મળ્યા નથી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતમાં ઐતિહાસિક ઘટના બજેટ બેઠકમાં શાસકપક્ષ જ ગેરહાજર

## પંચાયતની બજેટ બેઠક નોન કોરમ થતાં ૩૧મીએ પુનઃ મળશે : કોંગ્રેસમાં આંતરકલહ ચરમસીમાએ : પ્રદેશ નેતાઓએ પણ કલહને શાંત કરવા દરમ્યાનગીરી કરી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૨/૩ કરતાં પણ વધુ બહુમતિ ધરાવતી કોંગ્રેસના સભ્યોની



ગેરહાજરીને પગલે આજની સામાન્યસભા નોન-કોરમ થતાં ૩૧મી માર્ચ પર મુલ્તવી રાખવામાં આવી છે.

આજે બપોરે ૩ વાગે જિલ્લા પંચાયતના સરદાર હોલમાં સામાન્ય સભા મળી હતી. જેમાં કોંગ્રેસના ૨૩ સભ્યોની ગેરહાજરીને પગલે નોન-કોરમ બેઠક થવા પામી હતી. ૧ કલાક સુધી રાહ જોયા બાદ પણ કોંગ્રેસના સભ્યોના આવતાં જિલ્લા

● અનુસંધાન પાન-૭ પર

### જૂથબંધીમાં બજેટ અટવાય નહિ તેથી પ્રદેશ નેતાગીરીએ સભ્યોને ધરણામાં જવા આદેશ આપ્યા

#### બે દિવસમાં સમાધાનની ફોર્મ્યુલા સાથે સભ્યોને સાથે બેસાડવાની કવાયત

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસનો આંતરકલહ તેની ચરમસીમા પર પહોંચ્યો છે અને આજે બજેટ બેઠકમાં બજેટ નામંજૂર ના થાય તે માટે પ્રદેશ નેતાગીરીએ સભ્યોને ધરણામાં હાજર રહેવા માટે જણાવી બેઠક નોન-કોરમ થવા દીધી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતની સમિતિઓના ચેરમેનોની નિયુક્તીમાં થયેલા બળવાની સ્થિતિ પછી પક્ષમાં તીવ્ર બનેલી જૂથબંધી અને બજેટ નામંજૂર કરવાના મૂડની ગંધ પ્રદેશ નેતાગીરીને આવી ગઈ હતી. પ્રદેશ નેતાગીરીની સૂચનાના પગલે જિલ્લાના બે કોંગી આગેવાનો સામાન્ય સભા માટે પ્રમુખશ્રીના સત્તાવાર નિવાસસ્થાને મળેલ સભ્યોને હોલી વધામણાના બ્હાને પહોંચ્યા હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યું છે. આ પછી પ્રદેશની સૂચનાને પગલે સભ્યોને જિલ્લા સમિતિના ધરણાના કાર્યક્રમમાં હાજર રહેવાની સૂચના અપાઈ હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૨૦૧૫માં સ્વાઈન ફ્લુના ૨૩૬ કેસ નોંધાયા હતા

## જિલ્લામાં હૃદય, કિડની અને કેન્સરથી પિડાતા ૧૮૬ બાળકોને સારવાર સરકારે આપી છે : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના ૩૧-૧-૧૬ની સ્થિતિએ નોંધાયેલા દર્દીઓનો પ્રશ્ન આજે વિધાનસભા ગૃહની પ્રશ્નોત્તરીમાં ચમક્યો હતો. કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીશ્રી નીતિન પટેલે જણાવ્યું છે કે જિલ્લામાં કુલ ૨૪૨ દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

તેમણે જણાવ્યુ છે કે ૨૦૧૪માં જિલ્લામાં એક જ કેસ નોંધાયો હતો અને તે દહેગામ તાલુકામાં નોંધાયો હતો. ૨૦૧૫માં જિલ્લામાં ૨૩૬ કેસ નોંધાયા હતા. જેમાં ગાંધીનગર તાલુકામાં ૭૯, કલોલમાં ૪૬, માણસામાં ૧૯, દહેગામમાં ૩૧ અને ગાંધીનગર કોર્પોરેશનની હદમાં ૬૧ કેસ મળી કુલ ૨૩૬ કેસ નોંધાયા હતા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ જિલ્લામાં કુલ પાંચ પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૨, કલોલમાં ૨ અને ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં ૧ એમ પાંચ કેસ જાન્યુઆરી અંતિત નોંધાયા છે.

મંત્રીશ્રીએ એવો પણ એકરાર કર્યો છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ જિલ્લાની કોઈ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લુના પરીક્ષણ માટેની સગવડ ઉપલબ્ધ નથી.





**● કિશોરી શક્તિ યોજના**

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં કિશોરી શક્તિ યોજના અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૦૫-૦૬થી આ યોજના જિલ્લામાં અમલી છે.

તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૧-૧-૧૫થી ૩૧-૧૨-૧૫ દરમ્યાન કિશોરી શક્તિ યોજના હેઠળ ૨૦,૩૩૪ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.

**● શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

કોંગીના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે ૩૧-૧-૧૬ની સ્થિતિએ શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના બાળકોને અપાયેલ સારવાર અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ જિલ્લાના ૧૮૬ બાળકોને હૃદય-કીડની અને કેન્સરની ગંભીર બિમારીમાં સપડાયેલા જણાતાં તેમને સારવાર આપવામાં આવી છે. સારવાર દરમ્યાન એક પણ વિદ્યાર્થીનું મૃત્યુ નહિ થયાનું પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૨૦૧૪માં જિલ્લામાં હૃદયની બિમારીથી પિડાતા ૮૪ બાળકો મળ્યા હતા. જેમાં ગાંધીનગરના ૨૨, દહેગામના ૨૯, માણસામાં ૨૧ અને કલોલના ૧૨ બાળકોનો સમાવેશ થાય છે. ૨૦૧૫થી ૧૬માં ગાંધીનગરમાંથી ૧૬, દહેગામમાંથી ૯, માણસામાંથી ૪ અને કલોલમાંથી ૧૨ વિદ્યાર્થી હૃદયની બિમારીથી પિડાતા મળ્યા હતા.

તેમણે જણાવ્યું કે ૨૦૧૪-૧૫માં કિડનીની બિમારીથી પિડાતા ગાંધીનગરમાંથી ૧, દહેગામમાંથી ૬, માણસામાંથી ૩ અને કલોલમાંથી ૧૦ મળી કુલ ૨૦ વિદ્યાર્થી મળ્યા હતા. જ્યારે ૨૦૧૫-૧૬માં ગાંધીનગરમાંથી ૧૦, દહેગામમાંથી ૨ અને કલોલમાંથી ૧૦ મળી કુલ ૨૨ વિદ્યાર્થી મળ્યા હતા.

જ્યારે કેન્સરની બિમારીથી પિડાતા ૨૦૧૪-૧૫માં ગાંધીનગરમાંથી ૧, દહેગામમાંથી ૩, માણસામાંથી ૧ અને કલોલમાંથી ૨ મળી કુલ ૭ દર્દી મળ્યા હતા. જ્યારે ૨૦૧૫-૧૬માં ગાંધીનગરમાંથી ૭, માણસામાંથી ૨ અને કલોલમાંથી ૩ દર્દી મળ્યા હતા.

**● રખિયાલ સી.એચ.સી.માં ઓપરેશન**

કોંગીના કામિનીબા રાઠોડે રખીયાલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સાધનોના અભાવે સર્જરી નહિ થતી હોવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીશ્રીએ એકરાર કર્યો છે કે કેટલાક સાધનો પુરા પાડવાના બાકી છે અને તે ખરીદવાની પ્રક્રિયા ચાલી રહી છે. છેલ્લા બે વર્ષમાં ૩૦ માઈનોર સર્જરીના કેસો કરવામાં આવ્યાનું પણ તેમણે જણાવ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

નો-પાર્કીંગ માટે ફેન્સીંગ - શહેરના એસ.ટી. ડેપોમાં આડેધડ કરાતાં પાર્કીંગથી સર્જાતી સમસ્યાના ઉકેલ માટે કાયમી ધોરણે વાયર ફેન્સીંગ કરાઈ છે... વાહનોની વધતી સંખ્યાથી પાર્કીંગ અને ટ્રાફીક સમસ્યા શીરદર્દ બનતી જાય છે... સત્તા તંત્રનું આ પગલું સમયસરનું છે... પરંતુ બીજી તરફ નાગરિકોમાં જાગૃતિ ક્યારે આવશે... એ તો ખબર જ નથી પડતી... કારણ કે પાર્કીંગનું દબાણ ન થાય તે માટે ફેન્સીંગ કરી તો તેની બીજી તરફ નાગરિકોએ પાર્કીંગ કરવાનું શરૂ કરી દીધું... સમસ્યાનું સ્થળ બદલાયું છે... પણ સમસ્યા તો એમની એમ જ રહી... ઉકેલ ક્યારે આવશે... ?

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

# સેમેસ્ટર-૨માં રસાયણ વિજ્ઞાનનુ પેપર સરળ

## મોટાભાગના પ્રશ્નો ટવિસ્ટ કરીને પુછાયા કેટલાક વિદ્યાર્થીઓ માટે પેપર સરળ તો કેટલાક માટે લેન્ધી પુરવાર થયુ

ગાંધીનગર તા ૨૮

ધોરણ-૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષાના પ્રારંભે રસાયણવિજ્ઞાનનુ પેપર એકંદરે વિદ્યાર્થીઓ માટે સરળ રહયુ હતુ. જો કે પેપરના ત્રણેય વિભાગમાં મોટાભાગના પ્રશ્નો ટવિસ્ટ કરીને પુછાતા પરિક્ષાર્થીઓનો સમય ખુટયો હતો. પુસ્તકનો સંપુર્ણ અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ માટે પેપર સરળ રહયુ હતુ. જિલ્લામાંથી ૧૩ વિદ્યાર્થીઓની પરિક્ષામાં હાજરી ઘટી હતી.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થયેલી ધોરણ-૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષામાં આજે કેમેસ્ટ્રીનુ પેપર વિદ્યાર્થીઓ માટે અંકંદરે સરળ રહયુ હતુ જિલ્લામાંથી ૬૧૪૯ પૈકી ૬૧૩૬ વિદ્યાર્થીઓએ કેમેસ્ટ્રીની પરિક્ષા આપી હતી. જયારે ૧૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. વિષય નિષ્ણાંત નયન ત્રિવેદીના જણાંવ્યા મુજબ કેમેસ્ટ્રીના પેપરમાં વિભાગ અ,બ,અને ક માં મોટાભાગના પ્રશ્નો ટવિસ્ટ કરીને પુછવામાં આવ્યા હતા. ૭ જેટલા એમ સી ક્યુ પણ ફેરવીને પુછવામાં આવતા વિદ્યાર્થીઓને ઉત્તર આપવામાં થોડી મુંઝવણ થઈ હતી. ટવિસ્ટ પ્રશ્નોના લીધે કેટલાક વિદ્યાર્થીઓ માટે પેપર અધરૂ પુરવાર થયુ હતુ. હોંશિયાર વિદ્યાર્થીઓને પણ સમય ખુટ્યો હતો.

પેપર પાઠયપુસ્તક આધારિત હતુ પરંતુ જે વિદ્યાર્થીઓએ સંપુર્ણ પુસ્તકનો અભ્યાસ કર્યો હોય તેમના માટે પેપર વધુ સરળ પુરવાર થયુ હતુ. વિષય નિષ્ણાંત એચ આર પંડયાના જણાંવ્યા મુજબ કેમેસ્ટ્રીની કસોટી વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થઈ હતી.

જિલ્લામાં તમામ પરિક્ષા કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. ત્યારે કોઈપણ ઠેકાણે ગેરરીતીનો એકપણ કીસ્સો નોંધાયો ન હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ા, સેક્ટર-૧૬, ગાંધીનગર

જાહેર નિવિદા

આથી રસ ધરાવતી વ્યક્તિ/પેઢીઓને જણાવવાનું કે, આ બેન્કની શાખાને લાયક મકાન સરગાસણ ચાર રસ્તાના કોર્નર ઉપર આશરે એક હજાર સ્કવેર ફૂટની જગ્યાવાળી ગ્રાઉન્ડ ફ્લોર ઉપરનું મકાન બેન્કને લાયક જરૂર હોવાથી તેમજ મકાન વેચાણ રાખવાનું હોઈ આ અંગેની દરખાસ્ત આ જાહેરાતની તારીખથી દિન-૧૦માં ઉપરોક્ત સરનામે રૂબરૂ અથવા રજી.એ.ડી. પોસ્ટ દ્વારા મોકલી આપવી.

વેચાણ અપનાર વ્યક્તિ/પેઢીઓ પોતાની શરતો તેમજ કિંમતની સ્પષ્ટતા કરવાની રહેશે. તેમજ વેચાણ આપવાનું મકાન સંપૂર્ણ કાયદેસરનું તેમજ તે અંગેના તમામ દસ્તાવેજ સાથેનું હોવું જોઈએ.

લિ. મેનેજીંગ ડિરેક્ટર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com